# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

**************************************************

1) સંસદના બંને ગૃહમાં કેન્દ્રીય અંદાજપત્ર અંગે ચર્ચા કરાઈ.

2) વિરોધ પક્ષે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની નોટીસ આપી.

3) સર્વોચ્ચ અદાલતે દેશના વિવિધ રાજ્યોમાંથી બાળકો ગુમ થવાની ઘટનાઓ પાછળના કારણ શોધવા કેન્દ્ર સરકારને આદેશ આપ્યો.

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં સાયબર છેતરપિંડીને નાબૂદ કરવા અંગેની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું.

5) નવી દિલ્હીમાં રમાઈ રહેલ એશિયન રાઇફલ ચેમ્પિયનશિપમાં ભારતે આજે બે રજત અને એક કાંસ્ય ચંદ્રક જીત્યાં.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LS - RS - BUDGET

રાજ્યસભામાં કેન્દ્રીય બજેટ 2026-27 પર આજે ફરી ચર્ચા હાથ ધરવામાં આવી છે. ચર્ચામાં ભાગ લેતા , શિવસેનાના સભ્ય મિલિંદ દેવરાએ કહ્યું કે ભારે રાજકીય અને આર્થિક ઉથલપાથલ વચ્ચે પણ ભારત આર્થિક વિકાસ અને સ્થિરતાનું એક તેજસ્વી ઉદાહરણ છે.ડીએમકે પાર્ટીના કનીમોઈએ બજેટને ગરીબ વિરોધી ગણાવ્યું ,અને કહ્યું કે તે દેશની આર્થિક વાસ્તવિકતાઓથી અલગ છે. ભાજપના સુરેન્દ્ર સિંહ નાગરે કહ્યું કે બજેટમાં આર્થિક વિકાસ વધારવા , લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા અને તમામ સામાજિક ક્ષેત્રની યોજનાઓ જનતા સુધી પહોંચે તે સુનિશ્ચિત કરે છે.

આ દરમિયાન, લોકસભામાં કેન્દ્રીય બજેટ 2026-27 પર પણ ચર્ચા હાથ ધરાઈ હતી. કોંગ્રેસના સાંસદ શશી થરૂરે ચર્ચા શરૂ કરતા કહ્યું કે સરકારી ખર્ચમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને કર વસૂલાત સ્થિર રાખવામા આવ્યો છે. તેમણે કહ્યું કે આ બજેટમાં કોર્પોરેટ્સ સેક્ટરની સરખામણીમાં વ્યક્તિગત કરદાતાઓ પર વધુ બોજ નાખવામાં આવ્યો છે.ભાજપના અપરાજિતા સારંગીએ કહ્યું કે બજેટ સરકારની પ્રતિબદ્ધતા, દૃઢતા અને સુસંગતતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કરવા બદલ સરકારની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે ભારતે બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં સમજદારીપૂર્વક આગળ વધવાની પોતાની ક્ષમતાઓ દર્શાવી છે.

. . . . . . . . . . . . .

# RS-SONOWAL

કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે ભારતે 2024-25માં રાષ્ટ્રીય જળમાર્ગો પર 146 મિલિયન ટન કાર્ગો હેરફેરનો રેકોર્ડ હાંસલ કર્યો છે , જે 2013-14માં 18.1 મિલિયન ટન હતો.

રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન જવાબ આપતા મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા 10 વર્ષમાં જમીન પરના જળમાર્ગો માં કુલ રોકાણ એક હજાર 700 કરોડ રૂપિયાથી વધુ થયું છે . મંત્રીએ માહિતી આપી હતી કે હાલમાં 111 જળમાર્ગો કાર્યરત છે, જે દેશમાં લોજિસ્ટિક ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે.

મંત્રાલયની અન્ય પહેલો વિશે માહિતી આપતા તેમણે કહ્યું કે ભારતમાં ક્રુઝ પર્યટનમાં લગભગ 480 ટકાનો ઉછાળો જોવા મળી રહ્યો છે . તેમણે કહ્યું કે 2025 માં મુસાફરોની સંખ્યા લગભગ 5 લાખ સુધી પહોંચી ગઈ છે.

. . . . . . . . . . . . .

# OPPOSITION-NO CONFIDENCE MOTION

લોકસભામાં વિરોધ પક્ષે અધ્યક્ષ ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી છે . લોકસભાના સૂત્રો ના જણાવ્યા મુજબ, વિરોધ પક્ષે લોકસભાના મહાસચિવને આ નોટિસ સુપરત કરી છે . સૂત્રોએ ઉમેર્યું હતું કે , નોટિસની તપાસ કરાશે અને નિયમ મુજબ આગળની કાર્યવાહી કરાશે.

દરમિયાન કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી, આરજેડી અને ડાબેરી પક્ષો સહિત વિરોધ પક્ષના દળોએ લોકસભાના મહાસચિવને સુપરત કરેલી નોટિસ પર હસ્તાક્ષર કર્યા છે. જ્યારે તૃણમૂલ કોંગ્રેસે તેના પર હસ્તાક્ષર કર્યા નથી.

સંસદની બહાર મીડિયા સાથે વાત કરતા , સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિરોધ પક્ષના સાંસદોને લોકસભાની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા માટે જવાબદાર ગણાવ્યા.

(બાઇટ કિરણ રિજિજુ)

. . . . . . . . . . . . .

# SC MISSING CHILDREN

સર્વોચ્ચ અદાલતે આજે કેન્દ્રને દેશના વિવિધ ભાગોમાંથી બાળકો ગુમ થવાની ઘટનાઓ પાછળ કોઈ રાષ્ટ્રવ્યાપી નેટવર્ક અથવા રાજ્યના કોઈ વિશિષ્ટ જૂથ છે કે કેમ તેના કારણો  શોધી કાઢવા જણાવ્યું છે.

ન્યાયાધીશ. બી.વી. નાગરથ્ના અને ઉજ્જલ ભુયાનની પીઠે આ ઘટનાઓ પાછળ કોઈ ખાસ પેટર્ન છે કે શું તે શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને બધા રાજ્યોમાંથી ડેટા એકત્રિત કરવા કહ્યું. સર્વોચ્ચ અદાલતે સૂચન કર્યું કે આવી ઘટનાઓ માટે કોણ જવાબદાર છે તે નક્કી કરવા માટે બચાવેલા બાળકો પાસેથી માહિતી મેળવવી જોઈએ.

કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ લગભગ 12 જેટલા રાજ્યોએ આ અંગેની માહિતી આપી ન હોવાનું જણાવ્યું છે.

પીઠે માહિતી પૂરી ન પાડનારા રાજ્યોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે જો જરૂર પડે તો તે આ સંદર્ભમાં કડક આદેશો આપી શકે છે. બેન્ચ એક NGO દ્વારા દાખલ કરાયેલ PIL પર સુનાવણી કરી રહી હતી જેમાં ઘણા રાજ્યોમાં અજાણ્યા બાળકોની વધતી સંખ્યા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .

# EARLY-SHAH- CYBER

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સાયબર સુરક્ષા દેશની સલામતી સાથે જોડાયેલી હોવાનું જણાવ્યું. નવી દિલ્હીમાં આજે સાયબર છેતરપિંડીને નાબૂદ કરવા અને તેના સમગ્ર માળખાને તોડી પાડવા અંગેની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે કહ્યું કે, સરકારે દેશમાં સાયબર ગુનાને નાબૂદ કરવા ઘણી પહેલ શરૂ કરી છે. તેમણે ઉમેર્યું કે , ભારતીય સાયબર ગુના સંકલન કેન્દ્ર --I-4-C, સાયબર ગુના સામે એક મહત્વપૂર્ણ મંચ બની ગયું છે. શ્રી શાહે દેશવાસીઓમાં સાયબર સુરક્ષા વિશે વધુ જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

**(બાઇટ- AMIT SHAH )**

આ પ્રસંગે મંત્રીશ્રીએ CBI ની નવી સાયબર ક્રાઇમ શાખાનું પણ ઉદ્ઘાટન કર્યું અને ગૃહ મંત્રાલયના -I-4-C ના સ્ટેટ સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર ( S4C) ડેશબોર્ડનું પણ ઉદ્ઘાટન કર્યું. બે દિવસીય પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં સાયબર છેતરપિંડીના વધતાં ગુનાઓ ,વલણ, અને તે અંગેની સહિયારી સમજ વિકસાવવાનો છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# EC- POSTING OFFICER

ચૂંટણી પંચે આસામ , કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી 2026 ના સંચાલન સાથે જોડાયેલા અધિકારીઓની બદલીના નિર્દેશો જારી કર્યા છે . આ વર્તમાન વિધાનસભાઓની મુદત મે અને જૂન 2026 ની વચ્ચે સમાપ્ત થવાની છે, જેના કારણે કમિશન દ્વારા પ્રારંભિક વહીવટી પગલાં લેવામાં આવ્યા છે . કમિશને જણાવ્યું હતું કે ચૂંટણી કાર્યમાં સીધા સંકળાયેલા અધિકારીઓને તેમના ગૃહ જિલ્લાઓમાં અથવા એવા જિલ્લાઓમાં બદલીની મંજૂરી આપવામાં નહીં આવે જ્યાં તેમણે છેલ્લા ચાર વર્ષમાં ત્રણ વર્ષની સેવા પૂર્ણ કરી છે.

. . . . . . . . . . . . .

# RBI-CO-OPERATIVE BANKS

ભારતીય રિઝર્વ બેંક ે (RBI) આજે શહેરી સહકારી બેંકો માટે ધિરાણ ધોરણોની સમીક્ષા કરવા માટે ડ્રાફ્ટ સુધારા નિર્દેશો જારી કર્યા છે . આ ડ્રાફ્ટ સુધારાઓમાં શહેરી સહકારી બેંકોના એકાગ્રતા જોખમ વ્યવસ્થાપન , ધિરાણ સુવિધાઓ અને નાણાકીય નિવેદનો, પ્રસ્તુતિ અને જાહેરાતોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# GOVT-EX-SERVICEMEN

સરકારે ભૂતપૂર્વ સૈનિકો - કેન્દ્રીય સિવિલ સર્વિસીસ અને પદ માટેની પુનઃરોજગાર સુધારા નિયમો 2026 ને સૂચિત કર્યા છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ સુધારો ઔપચારિક રીતે લશ્કરી નર્સરી સેવાના કર્મચારીઓને પુનઃરોજગાર નિયમો હેઠળ માન્યતા આપે છે , અને ભૂતપૂર્વ સંરક્ષણ કર્મચારીઓના મોટા વર્ગ માટે પુનર્વસન અને અન્ય સેવાઓમા કારકિર્દીની તકોને મજબૂત બનાવે છે . તેમાં કહેવામાં આવ્યું છે કે સરકારના આ પગલાથી MNS અધિકારીઓ કોણ છે, ઉપરાંત તેઓ અન્ય નિવૃત્ત સૈનિકો જેવા જ પુનઃરોજગારના લાભો મા ટે હકદાર હતા કે નહીં તેવી અસ્પષ્ટતાને દૂર કરે છે . આ સુધારો MNS કર્મચારીઓને અનામત ક્વોટા, ઉંમરમાં છૂટછાટ અને રોજગારની પ્રાથમિકતા આપે છે.

. . . . . . . . . . . . .

# MUMBAI-COURT

મુંબઈની એક ખાસ MCOCA અદાલતે આજે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી અને NCP નેતા બાબા સિદ્દીકીના 2024માં થયેલી હત્યા કેસમાં 27 આરોપીઓ સામે આરોપો દાખલ કર્યા છે. 66 વર્ષીય બાબા સિદ્દીકની 12 ઓક્ટોબર , 2024ની રાત્રે બાંદ્રા પૂર્વમાં તેમના પુત્ર ઝીશાન સિદ્દીકની ઓફિસની બહાર ત્રણ હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. પોલીસે ધરપકડ કરાયેલા 27 આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. જેલમાં કેદ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈને વોન્ટેડ આરોપી તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# SHOOTING CHAMPIONSHIP

ભારતે આજે નવી દિલ્હીમાં રમાઈ રહેલ એશિયન રાઇફલ/પિસ્તોલ ચેમ્પિયનશિપમાં બે રજત ચંદ્રક અને એક કાંસ્ય ચંદ્રક હાંસલ કર્યા. ભારતની આકૃતિ દહિયાએ મહિલાઓની 50-મીટર રાઇફલ થ્રી પોઝિશન ઇવેન્ટમાં કઝાકિસ્તાનની સોફિયા શુલઝેન્કોથી ચાર પોઇન્ટ પાછળ રહી 354.2 પોઈંટના સ્કોર સાથે રજત ચંદ્રક જીત્યો. જ્યારે અંજુમ મુદગિલે 340.4 પોઇન્ટના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક મેળવ્યો.

આ ઉપરાંત ભારતીય ત્રિપુટી આકૃતિ દહિયા , અંજુમ મુદગિલે અને આશી ચોક્સીએ મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી-પોઝિશન ટીમ ઇવેન્ટમાં એક હજાર 756 પોઇન્ટના સંયુક્ત સ્કોર સાથે રજત ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . . .

# REV. EVE. ICC T20 WORLD CUP

ICC પુરુષોની T20 વિશ્વ કપમાં , ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ગ્રુપ D ના મુકાબલામાં ન્યુઝીલેન્ડે સંયુક્ત આરબ અમીરાત (UAE) ને 10 વિકેટથી હરાવ્યું છે. ન્યૂઝીલેન્ડે 15.2 ઓવરમાં 174 રનના લક્ષ્યાંકને સરળતાથી પાર કરી લીધો હતો., UAE બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 173 રન બનાવ્યા હતા.

આજે બપોરે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ગ્રુપ A ના મુકાબલામાં નેધરલેન્ડ્સે નામિબિયાને 7 વિકેટથી હરાવ્યું. બાસ ડી લીડસે ની અણનમ 72 રનની ઇનિંગની મદદથી નેધરલેન્ડ્સ 18મી ઓવરમાં 157 રનના લક્ષ્યાંકનો પીછો કરવામાં સફળ રહ્યું. અગાઉ , પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ , નામિબિયાએ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 156 રન બનાવ્યા હતા..

જાન નિકોલ લોફ્ટી-ઇટને સૌથી વધુ 42 રન બનાવ્યા. નેધરલેન્ડ્સ માટે , લોગન વાન બીક અને બાસ ડી લીડેએ 2-2 વિકેટ લીધી.

. . . . . . . . . . . . .